## બારડોલીમાં આધેડે ઊંઘની ગોળીઓ ગળી લીધી

**સુરતની** હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડાયા

બારડોલીઃ બારડોલીના બાબેન વિસ્તારમાં આવેલી એક રેસિડન્સીમાં રહેતા ૪૭ વર્ષીય આધેડે અગમ્ય કારણોસર ઊંઘની ગોળીઓ ગળી લીધી હતી. હાલ આ આધેડ બેભાન અવસ્થામાં સુરતની ખાનગી હોસ્પિટલમાં જીવનમરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ બાબેન સ્થિત શુકુન રેસિડન્સીના વિભાગ એચ-૧૦૨માં રહેતા ઘનશ્યામભાઈ હીરજીભાઈ પ્રજાપતિએ ગત તા.૧૨ મેના રોજ સવારના ૧૧:૩૦ વાગ્યાના અરસામાં પોતાના ઘરે ઊંઘની ગોળીઓ ગળી લીધી હતી. આ ઘટનાની જાણ થતા જ તેમના ભાઈ ઉમેશભાઈ હીરજીભાઈ રાઠોડ તાત્કાલિક તેમને સારવાર અર્થે બારડોલીની સરદાર હોસ્પિટલ ખાતે લઈ આવ્યા હતા. જો કે, તેમની તબિયત વધુ લથડતાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે સુરતની યુનિટી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. હાલમાં ઘનશ્યામભાઈ બેભાન અવસ્થામાં છે અને તેમની સઘન સારવાર ચાલી રહી છે.

આ બનાવ અંગે બારડોલી ટાઉન પોલીસ મથકે જાણવા જોગ નોંધ કરવામાં આવી છે. આ આધેડે કયા સંજોગોમાં અને કયા કારણોસર આ પગલું ભર્યું તે દિશામાં બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનના પીએસઆઈ એ.એમ.પટેલ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

### કામરેજમાં તબિયત બગડતાં યુવાનનું મોત

કામરેજઃ કામરેજમાં સિગ્નેટ મોલના પાર્કિંગમાં મોન્ટુ લંબોધર મોહીની (ઉં.વ.27)ને બુધવારે કમળો તેમજ પેટમાં પાણી ભરાઈ જતાં તબિયત બગડી હતી. આથી સારવાર માટે 108માં સુરત સ્મીમેર હોસ્પિટલમાં દાખલ કરતાં સારવાર દરમિયાન રાત્રે મોત નીપજ્યું હતું.

## માંડવીમાં ને.હા. 56 બાયપાસના સરવે સામે 4 ગામનો ઉગ્ર વિરોધ

**સથવાવ,** સરકુઇ, બેડધા અને જૂના કાકરાપારના ગ્રામજનો રસ્તા પર ઊતરી આવ્યા

**પોલીસ** કાફલો ઘટના સ્થળે દોડી ગયો

**સાંસદ** અને ધારાસભ્યની હાજરીમાં બેઠક યોજવાની માંગ સાથે સરવેની કામગીરી અટકાવી


હિતેશ પટેલ

માંડવીઃ માંડવી તાલુકામાં નેશનલ હાઈવે નં.56 વાપી-શામળાજી માર્ગ પર પ્રસ્તાવિત બાયપાસની સરવે કામગીરીનો સથવાવ, સરકુઇ, બેડધા અને જૂના કાકરાપારના ગ્રામજનોએ એકજૂટ થઈને ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે.

હાઈવે ઓથોરિટી દ્વારા હાથ ધરવામાં આવેલી કામગીરીને પગલે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો અને મોટી સંખ્યામાં લોકો રસ્તા પર ઊતરી આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ હાઈવે ઓથોરિટીના અધિકારીઓ જ્યારે નિર્ધારિત ગામોમાં સરવે માટે પહોંચ્યા ત્યારે સ્થાનિકોએ એકઠા થઈ કામગીરી અટકાવી દીધી હતી. આ વિરોધ પ્રદર્શનમાં પૂર્વ ધારાસભ્ય અને જિલ્લા કૉંગ્રેસ પ્રમુખ આનંદભાઈ ચૌધરી સહિતના સ્થાનિક આગેવાનો પણ ગ્રામજનોના સમર્થનમાં જોડાતા મામલો ગરમાયો હતો.

ગ્રામજનોનો આક્ષેપ છે કે તેમની જમીન અને હિતોને અસર કરતી આ કામગીરી અંગે યોગ્ય પરામર્શ કરવામાં આવ્યો નથી. પરિસ્થિતિ તંગ બનતાં માંડવી પોલીસનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યો હતો. માંડવી પીઆઈ જયેશ વડવીએ સ્થળ પર પહોંચી ગ્રામજનો અને આગેવાનો સાથે વાતચીત કરી મામલો શાંત પાડવા પ્રયાસો હાથ ધર્યા હતા. પોલીસની સમજાવટ બાદ હાલ પૂરતી પરિસ્થિતિ અંકુશમાં આવી છે.

ગ્રામજનોએ સ્પષ્ટ માંગ કરી છે કે, જ્યાં સુધી સ્થાનિક સાંસદ અને માંડવીના ધારાસભ્યની હાજરીમાં ગ્રામજનો સાથે બેઠક યોજી તેમની રજૂઆતો સાંભળવામાં ન આવે, ત્યાં સુધી સરવેની કોઈપણ કામગીરી આગળ વધવા દેવામાં આવશે નહીં. વધુમાં, સ્થાનિકોએ ચીમકી ઉચ્ચારી છે કે જો તેમની માંગણીઓ સંતોષવામાં નહીં આવે તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન અને ધરણા પ્રદર્શન કરવામાં આવશે.

## વૃદ્ધો-દિવ્યાંગો માટે બારડોલીની પોસ્ટ ઓફિસ બની 'પહાડ'

**બારડોલી** સરદાર બાગ પોસ્ટ ઓફિસ બીજા માળે હોવાથી વૃદ્ધો અને દિવ્યાંગોને હાલાકી




બારડોલીઃ બારડોલી શહેરના સ્ટેશન રોડ પર સરદાર આર્કેડમાં આવેલી સરદાર બાગ પોસ્ટ ઓફિસ છેલ્લા ઘણા સમયથી ગ્રાહકો માટે માથાનો દુખાવો બની છે. આ પોસ્ટ ઓફિસ બીજા માળે આવેલી હોવાથી ખાસ કરીને વૃદ્ધો, અશક્ત નાગરિકો અને દિવ્યાંગોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. પેન્શન મેળવવા કે અન્ય કામકાજ માટે આવતા આ વર્ગના લોકો માટે બે માળનાં પગથિયાં ચઢવા ઉતરવા અત્યંત કપરું કાર્ય છે.

સરકારી નિયમો મુજબ સાર્વજનિક સ્થળોએ રેમ્પ કે વ્હીલચેરની સુવિધા હોવી ફરજિયાત છે. જેથી દિવ્યાંગો સરળતાથી પ્રવેશ કરી શકે, પરંતુ સરદાર બાગ પોસ્ટ ઓફિસમાં આવી કોઈ સુવિધા ઉપલબ્ધ નથી. આ સરકારી નિયમોનું ખુલ્લું ઉલ્લંઘન છે. સામાન્ય માણસો માટે પણ બીજા માળ સુધી પહોંચવું થકવી નાંખનારું હોય ત્યારે વૃદ્ધ પેન્શનરો અને દિવ્યાંગો માટે આ મોટી સમસ્યા છે. સ્થાનિક નાગરિકો અને નિયમિત ગ્રાહકો દ્વારા પોસ્ટ વિભાગ સમક્ષ કચેરીને ગ્રાઉન્ડ ફ્લોર પર ખસેડવા માટે અનેક રજૂઆતો કરવામાં આવી છે, પરંતુ તંત્ર દ્વારા લોકોની સુવિધા પ્રત્યે બેદરકારી દાખવવામાં આવી રહી છે. પોસ્ટ વિભાગની આ નિષ્ક્રિયતા સામે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોની હાલાકીને ધ્યાનમાં લઈને વહેલી તકે આ પોસ્ટ ઓફિસને ગ્રાઉન્ડ ફ્લોર પર ખસેડવામાં આવે તેવી તાતી જરૂરિયાત છે.

વધુમાં, ગ્રાહકો દ્વારા સ્ટાફની અછતની ફરિયાદો પણ ઊઠી રહી છે. જેના કારણે કામકાજ માટે આાહકોને લાંબો સમય રાહ જોવી પડે છે અને ભારે હાલાકી વેઠવી પડે છે. મુશ્કેલી વેઠીને બીજા માળે પહોંચ્યા પછી પણ જો સ્ટાફ હાજર ન હોય અથવા અપૂરતો હોય, તો ગ્રાહકોનો સમય અને શક્તિ બંનેનો વ્યય થાય છે, જેનાથી તેમની હતાશામાં વધારો થાય છે.

### સુરાલી ગામમાં વાહન અડફેટે વૃદ્ધનું મોત

બારડોલીઃ વાલોડના કલમકુઇ ગામે વાડી ફળિયામાં રહેતા માનસિંગભાઈ ભિખાભાઈ ચૌધરી (ઉં.વ.85) ગત 8મી મેના રોજ પોતાના કબ્જાની હીરો કંપનીની મેસ્ટ્રો મોપેડ નં.(જીજે 5 એચઆર 8760) લઈ બારડોલીના સુરાલી ગામે ધારિયા ઓવારા ફળિયામાં ભાણે દુર્ગેશભાઇને મળવા માટે ગયા હતા. એ સમયે સુરાલી-બોરખડી રોડ પર અજાણ્યા વાહને તેમને ટક્કર મારતાં માથા અને શરીરના ભાગે ગંભીર ઇજા પહોંચી હતી. તેમને બારડોલીની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં બુધવારના રોજ તેમનું મોત થયું હતું. પોલીસે આ અંગે અજાણ્યા વાહન ચાલકની સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ચલથાણમાં 70 હજારની મોપેડની ચોરી

પલસાણાઃ ચલથાણ ગામની રામ કબીર સોસાયટીમાં રહેતા પ્રભાકરભાઈ ભોઈની સુઝુકી બર્ગમેન મોપેડ નં.(GJ-19-BL-3070) ગત 20 એપ્રિલે ચંદ્રપ્રભા કોમ્પ્લેક્સ નીચેથી ચોરાઈ ગઈ હતી. અજાણ્યો તસ્કર વહેલી સવારે રૂ.70,000ની મતાનું વાહન લઈ ફરાર થઈ ગયો હતો. આ અંગે કડોદરા GIDC પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## વાંકલમાં ASP ખાતરમાં સીધો રૂ.700નો ભડકો, ખેતી હવે 'મોંઘો સોદો'

**માત્ર** ASP જ નહીં, પણ સલ્ફેટમાં રૂ.250 અને પોટાશમાં રૂ.125નો વધારો ઝીંકાયો

**વાવણીનો** સમય નજીક છે, ત્યારે જ ખાતરના ભાવમાં થયેલા અસહ્ય વધારાએ ખેડૂતોનું બજેટ ખોરવી નાંખ્યું

વાંકલઃ ચોમાસું માથા પર છે ત્યારે ખેડૂતો ખેતીની તૈયારીઓમાં વ્યસ્ત બન્યા છે. પરંતુ બીજી તરફ ખાતરના સતત વધી રહેલા ભાવ ખેડૂતો માટે ચિંતાનો વિષય બન્યો છે. માંગરોળ તાલુકાની વાંકલ વિભાગ મોટી કદની સહકારી મંડળીમાં ખાતરના ભાવમાં નોંધપાત્ર વધારો નોંધાતાં ખેડૂતો પર આર્થિક બોજ વધ્યો છે.

ખેડૂતોના જણાવ્યા મુજબ ASP ખાતરનો ભાવ પહેલાં રૂ.1550 હતો. જે વધીને હવે રૂ.2250 થયો છે. એટલે કે એક જ ખાતરમાં સીધો રૂ.700નો વધારો થયો છે. જ્યારે પોટાશ ખાતરમાં રૂ.125નો વધારો નોંધાયો છે. પોટાશનો પહેલાનો ભાવ રૂ.1850 હતો. જે હવે રૂ.1975 સુધી પહોંચી ગયો છે. એટલે કે, 125નો વધારો, તે જ રીતે સલ્ફેટ ખાતરના ભાવમાં પણ રૂ.250નો વધારો થયો છે. પહેલા રૂ.1150માં મળતું સલ્ફેટ હવે રૂ.1400માં વેચાઈ રહ્યું છે. ખેડૂતોનું કહેવું છે કે ડીઝલ, મજૂરી અને બિયારણના વધતા ખર્ચ વચ્ચે હવે ખાતરના વધેલા ભાવ ખેતીને વધુ મોંઘી બનાવી રહ્યા છે. એક તરફ ચોમાસાની રાહ જોતાં ખેડૂતો વાવણીની તૈયારી કરી રહ્યા છે, ત્યારે બીજી તરફ ખાતરના ભાવમાં થયેલા વધારાએ ખેડૂતોની ચિંતા વધારી દીધી છે. ખેડૂતો સરકાર પાસે ખાતરના ભાવ નિયંત્રણમાં લાવવા અને રાહત આપવા માંગ કરી રહ્યા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### અંકલેશ્વરમાં નશામુક્તિ કાર્યક્રમ યોજાયો




અંકલેશ્વરઃ અંકલેશ્વરના શક્તિનગર સ્થિત બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્ર દ્વારા આઈટીઆઈ ખાતે નશામુક્તિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં 400થી વધુ વિદ્યાર્થીઓ સાથે દલપતભાઈ, મોટિવેશનલ વક્તા કેતનભાઈ અને અંકલેશ્વર શક્તિનગર બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્રના જયશ્રી દીદીએ હાજરી આપી હતી.

### તડકેશ્વરમાં જુગાર રમતા 5 ઝડપાયા


હિતેશ પટેલ

માંડવીઃ તડકેશ્વર પોલીસે કુંભાર ફળિયા પાછળ આવેલી ખુલ્લી જગ્યામાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે રેડ કરી હતી. પોલીસે સ્થળ પરથી ગંજીપાના વડે તીન-પત્તીનો જુગાર રમતા શાહરૂખખાન પઠાણ, બકરભાઇ મન્સુર, સુનીલભાઇ પટેલ, અર્જુનભાઈ રાઠોડ અને વિષ્ણુભાઈ રાઠોડને ઝડપી પાડ્યા હતા. સાથે દાવ પરના રોકડા, અંગજડતી અને મોબાઈલ ફોન મળી કુલ રૂ.૩૧,૬૨૦નો મુદ્દામાલ કબજે કરાયો છે. જ્યારે ઝાકીર હનીફ અલી, મુસા અબુબકર દેસાઇ, સાદિક ગુલામ સાખ, અહમદ હનીફ મન્સુર, ભદ્રેશભાઇ છીતુભાઇ પંચાલ, અનિશ હાસીમ મન્સુર અને મુસ્તાક ઉર્ફે કાલુ યુસુફ મન્સુરને વોન્ટેડ જાહેર કરાયા હતા.

### મોરથાણામાં ગટરમાંથી મજૂરની લાશ મળી

કામરેજઃ કોસમાડીમાં રહેતા રમેશ મગનભાઈ વસાવા (ઉં.વ.48) મોરથાણાના ખેડૂત નિલેશ પટેલના ખેતરમાં છેલ્લા દોઢ વર્ષથી મજૂરીકામ કરતા હતા. બુધવારે સવારે 10 કલાકે મોરથાણામાં નિલેશ પટેલના ખેતરમાં પાણીના નિકાલની ગટરના પાણીમાં ડૂબી ગયેલી હાલતમાં મળી આવ્યા હતા. આથી ખેતર માલિકે મરનાર રમેશ વસાવાના પુત્ર અજયને જાણ કરી કામરેજ પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### વસરાવી ગામમાં જુગાર રમતા 6 ઝડપાયા

વાંકલઃ માંગરોળ પોલીસે બાતમીના આધારે વસરાવી ગામના પાદર ફળિયામાં નદી કિનારે દરોડો પાડવામાં આવ્યો હતો. જાહેરમાં ગંજીપત્તાં વડે તીનપત્તીનો જુગાર રમતા દિનેશ વસાવા, નિલેશ વસાવા, કાંતુ વસાવા, કમલેશ વસાવા, જયંતી વસાવા અને હસમુખ વસાવાને પોલીસે રંગેહાથ ઝડપી પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી રોકડ રકમ અને મોબાઈલ સહિત કુલ રૂ.11,760નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. તમામ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### ભરૂચમાં દારૂ સાથે એક ઝડપાયો

ભરૂચઃ ભરૂચના ભરાનપુરા ખત્રીવાડ વિસ્તારમાં પોલીસે દરોડો પાડી વિદેશી દારૂની 10 બોટલો સાથે જીતેન્દ્ર ખત્રી (ઉં.વ. 57)ની ધરપકડ કરી છે. આરોપી મુંબઈથી ટ્રેન મારફતે દારૂ લાવ્યો હોવાની કબૂલાત કરી છે. પોલીસે કુલ રૂ.6,260નો મુદ્દામાલ જપ્ત કરી એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### દલેલપુરામાં આગમાં ઘર ગુમાવનારા પરિવારને સહાય


દીપલ સોની

રાજપીપળાઃ તાજેતરમાં ગરુડેશ્વરના દલેલપુરા ગામે સુરેશભાઈ પાંચાભાઇ તડવીનું ઘર અને ઘરવખરી આગમાં ખાખ થઈ જતાં પરિવાર નિરાધાર બન્યો હતો. આ દુઃખદ ઘટનાની જાણ થતા જ શ્રી રામ ગ્રુપના કાર્યકર્તાઓ મદદે દોડી આવ્યા હતા. ગ્રુપ દ્વારા પીડિત પરિવારને જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ, પશુઓ માટે ૧૦૦ પૂળા ઘાસ અને રોકડ રકમ મળી કુલ રૂ.૧૭,૦૦૦ની સહાય કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે આ ગ્રુપ સામાજિક સેવાઓ તેમજ ૫૦૦ યુનિટથી વધુ રક્તદાન કરી અનેક જીવ બચાવી ચૂક્યું છે. કાર્યકર્તાઓએ સંદેશ આપ્યો કે સમાજમાં એકતા અને સંગઠન હોય તો આવી આફતો સામે કોઈપણ પરિવારને આર્થિક ટેકો આપી શકાય છે.

### નર્મદા જિલ્લામાં નવા કલેક્ટરે હોદ્દો સંભાળ્યો


રાજપીપળાઃ રાજ્ય સરકાર દ્વારા IAS અધિકારીઓની બદલી અને નિમણૂક સંદર્ભે જાહેર કરાયેલા તાજેતરના હુકમ મુજબ રાજપીપળા-નર્મદા જિલ્લાના નવા કલેક્ટર તરીકે ગંગા સિંઘ (IAS)ની નિમણૂંક કરવામાં આવી છે. તેઓએ આજરોજ નર્મદા કલેક્ટર તરીકેનો વિધિવત્ત ચાર્જ સંભાળ્યો છે. શ્રી ગંગા સિંઘ અગાઉ વડોદરા મહાનગરપાલિકામાં ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર તરીકે ફરજ બજાવી રહ્યા હતા. વહીવટી ક્ષેત્રેનો તેમનો અનુભવ અને શહેરી વિકાસ ક્ષેત્રેનું કાર્ય નોંધપાત્ર રહ્યું છે. રાજ્ય સરકાર દ્વારા હવે તેમને નર્મદા જિલ્લાના કલેક્ટર તરીકે મહત્ત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી છે.

### ભરૂચના નવા કલેક્ટરે ચાર્જ સંભાળ્યો



ભરૂચઃ ભરૂચ કલેક્ટર કચેરીમાં ગુરુવારે સત્તાવાર રીતે ડો.નવનાથ ગવહાણે જિલ્લા કલેક્ટર તરીકે ચાર્જ સંભાળ્યો છે. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં કરવામાં આવેલી IAS અધિકારીઓની બદલી હેઠળ તેમની નિમણૂક કરવામાં આવી છે. અગાઉના કલેક્ટર ગૌરાંગ મકવાણાની ગાંધીનગર ખાતે ડાયરેક્ટર, GEDA તરીકે બદલી થઈ છે, જ્યાં તેઓ GPCL-UGVCLના મેનેજિંગ ડાયરેક્ટરનો વધારાનો હવાલો પણ સંભાળશે.

### ઉકાઈની સેન્ટ્રલ પલ્પ મિલ્સ એમ્પ્લોઈઝ યુનિયન G/820ની ચૂંટણી યોજાઈ



સુરતઃ તાજેતરમાં સેન્ટ્રલ પલ્પ મિલ્સ એમ્પ્લોઈઝ યુનિયન G/820ની ચૂંટણીમાં "દીવાની પેનલ" એ જંગી બહુમતી સાથે ભવ્ય વિજય મેળવ્યો છે. કામદારોએ અફવાઓ અને દબાણને નકારીને એકતા અને ન્યાય પર વિશ્વાસ મૂક્યો હતો. આ ચૂંટણીમાં નગીનભાઈ ગામીત, મુકેશ સી. નિકમ, અશોક પ્રજાપતિ, યોહાનભાઈ ગામીત, સુરેશ ગામીત, નલીન ગામીત, સતીષ જાધવ, સુનીલ કે. સામુદ્રે તથા અન્ય અગિયાર જેટલા સભ્યો પણ બહુમતીથી ચુંટાઈ આવ્યા છે. ઉકાઈ પોલીસના ચુસ્ત બંદોબસ્ત હેઠળ શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પ્રક્રિયા સંપન્ન થઈ હતી. પરિણામ બાદ કાર્યકરોએ ડીજેના તાલે અને ફટાકડા ફોડી જીતનો ઉત્સવ મનાવ્યો હતો. વિજયી પેનલે તમામ કામદારોનો આભાર માનતા જણાવ્યું હતું કે, યુનિયન હંમેશા કામદારોના હક્ક અને હિત માટે કટિબદ્ધ રહેશે.

## ઓલપાડના સિવાણમાં માત્ર ધો.10 પાસ કમ્પાઉન્ડર ડોક્ટર બની બેઠો!

**મેડિકલ** સાધનો અને દવાઓ સહિત રૂ.6,700થી વધુનો મુદ્દામાલ જપ્ત



પલસાણા, સાયણઃ સુરત જિલ્લા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમે ઓલપાડના સિવાણ ગામેથી કોઈપણ માન્ય મેડિકલ ડિગ્રી વગર પ્રેક્ટિસ કરતા એક બોગસ ડોક્ટરને ઝડપી પાડ્યો હતો. પકડાયેલો શખ્સ માત્ર ધો.10 સુધીનો અભ્યાસ ધરાવે છે.

એસઓજીની ટીમને ખાનગી રાહે બાતમી મળી હતી કે સિવાણ ગામે આવેલી 'મહેક રેસિડેન્સી'માં એક વ્યક્તિ માન્ય રજિસ્ટ્રેશન કે ડિગ્રી વગર એલોપેથિક ક્લિનિક ચલાવી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે ઓચિંતી તપાસ હાથ ધરતાં 24 વર્ષીય ઉત્સોબ ચંડી બીસ્વાસ નામનો શખ્સ રંગેહાથ પકડાયો હતો. પોલીસની પૂછપરછમાં સામે આવ્યું છે કે આરોપીએ માત્ર ધો.10 સુધી અભ્યાસ કર્યો છે. અગાઉ પશ્ચિમ બંગાળમાં એક ક્લિનિકમાં ત્રણ વર્ષ સુધી કમ્પાઉન્ડર તરીકે કામ કર્યા બાદ, તે અનુભવના આધારે તે અહીં કોઈપણ લાયકાત વગર ડોક્ટર તરીકે પ્રેક્ટિસ કરતો હતો. પોલીસે ક્લિનિકમાંથી તપાસ દરમિયાન સ્ટેથોસ્કોપ, બ્લડ પ્રેશર માપવાનું મશીન તેમજ વિવિધ એલોપેથિક દવાઓ સહિત કુલ 6,761.42નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આરોપી પાસે પ્રેક્ટિસ કરવા માટેનું કોઈ પણ પ્રકારનું માન્ય પ્રમાણપત્ર મળી આવ્યું નથી. આ મામલે ઓલપાડ પોલીસ સ્ટેશનમાં આરોપી વિરુદ્ધ 'ગુજરાત મેડિકલ પ્રેક્ટિસ એક્ટ 1963'ની કલમ 30 અને 35 હેઠળ ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી જેલભેગો કરવામાં આવ્યો છે.

## હથોડાના કોલીવાડ વિસ્તારને લો-વોલ્ટેજના ગ્રહણમાંથી મુક્તિ

**આઠ** મહિનાથી શોભાના ગાંઠિયા સમાન રહેલું ટીસી આખરે કાર્યરત, રહીશોમાં ખુશી


ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ હથોડા ગામે આવેલા કોલીવાડ વિસ્તારમાં લાંબા સમયથી ચાલી આવતી લો-વોલ્ટેજની ગંભીર સમસ્યાનો આખરે સુખદ અંત આવ્યો છે. છેલ્લા આઠ મહિનાથી આ વિસ્તારના રહીશો વીજ પુરવઠાના અભાવે ત્રાહિમામ પોકારી ઊઠ્યા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ, લો-વોલ્ટેજની ફરિયાદના પગલે GEB દ્વારા ગ્રામ પંચાયત કચેરી સામે મોટી ક્ષમતાનું નવું ટ્રાન્સફોર્મર (TC) મૂકવામાં આવ્યું હતું. જો કે, નવાઈની વાત એ હતી કે આ જ ટીસીમાંથી નજીકના હલીમાં પાર્ક વિસ્તારને કનેક્શન આપી દેવાયાં હતાં, પરંતુ મુખ્ય અસરગ્રસ્ત કોલીવાડ વિસ્તારને કોઈક અગમ્ય કારણોસર બાકાત રાખવામાં આવ્યો હતો. આઠ-આઠ મહિના વીતી જવા છતાં મોટી ટીસી માત્ર શોભાના ગાંઠિયા સમાન સાબિત થઈ રહી હતી અને લોકોની મુશ્કેલીઓ યથાવત રહી હતી. તંત્રની આ ઉદાસીનતા સામે આખરે રોષે ભરાયેલા રહીશોએ ડેપ્યુટી ઈજનેરને રૂબરૂ મળી ધારદાર રજૂઆત કરી હતી. રહીશોના આક્રોશ અને વાસ્તવિક સ્થિતિને પારખીને ડેપ્યુટી ઈજનેરે તાત્કાલિક દરમિયાનગીરી કરી હતી. આજે તમામ ટેકનિકલ ગૂંચવાડા દૂર કરી કોલીવાડ વિસ્તારને મોટી ટીસી સાથે જોડી દેવામાં આવ્યો છે. વીજ પુરવઠો પૂર્વવત થતાં અને વોલ્ટેજની સમસ્યા ઉકેલાતાં રહીશોમાં ખુશીની લહેર જોવા મળી છે.

### નબીપુરમાં વીજ કંપનીની તપાસ



ભરૂચઃ નબીપુર ગામમાં ગુરુવારે વહેલી સવારે દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડદ્વારા વીજ ચોરીના દૂષણને ડામવા માટે આકસ્મિક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. વહેલી સવારના અંધકારમાં જ વીજ કંપનીના કાફલાએ ગામમાં ધામા નાંખતા વીજ ચોરી કરતા તત્ત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. ચેકિંગની કામગીરી દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ અને DGVCLના સિક્યુરિટી સ્ટાફનો ચુસ્ત બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો. જો કે, સાંજ સુધીમાં કેટલા રૂપિયાનો દંડ ફટકારાયો એ વિગત મળી ન હતી.

## અંકલેશ્વર અને ભરૂચમાં પવનના કારણે ગરમીમાં આંશિક રાહત, મહત્તમ તાપમાન 39 ડિગ્રી

અંકલેશ્વર, ભરૂચઃ અંકલેશ્વર-ભરૂચ પંથકમાં છેલ્લા કેટલાક દિવસોથી કાળઝાળ ગરમીનો માહોલ યથાવત રહ્યો છે. જો કે, ગુરુવારે દિવસ દરમિયાન પવન ફુંકાતા ગરમીમાં થોડી આંશિક રાહતનો અનુભવ થયો હતો. હવામાન વિભાગના આંકડા મુજબ જિલ્લામાં મહત્તમ તાપમાન 39 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન 29 ડિગ્રી સેલ્સિયસ રહેતા દિવસ દરમિયાન પણ ઉકળાટ યથાવત રહ્યો હતો. દિવસ દરમિયાન આશરે 23 કિલોમીટર પ્રતિ કલાકની ગતિએ પવન ફુંકાતા કેટલાક વિસ્તારોમાં ગરમીનો પ્રભાવ થોડો ઓછો જોવા મળ્યો હતો. તેમ છતાં બપોરના સમયે તડકો તેજ બનતાં માર્ગો પર અવરજવર ઘટી ગઈ હતી. બજારો તથા જાહેર સ્થળોએ લોકોની સંખ્યા પ્રમાણમાં ઓછી જોવા મળી હતી. જિલ્લામાં ભેજનું પ્રમાણ આશરે 27 ટકા નોંધાતા ગરમી અને સૂકા પવનની અસર વધુ અનુભવાઈ હતી. ગરમીથી બચવા લોકો ઠંડાં પીણાં, છાશ અને પાણીનો વધુ ઉપયોગ કરતા નજરે પડ્યા હતા.

## અંકલેશ્વરમાં રૂ.15 લાખની છેતરપિંડી, બે સામે ફરિયાદ

**ગોલ્ડ** ફાઈનાન્સમાંથી દાગીના છોડાવી વેચી નાંખ્યાનો આક્ષેપ

અંકલેશ્વરઃ અંકલેશ્વરની શ્રીદર્શન સોસાયટીમાં રહેતા અને જ્યોતિ ટોકીઝ પાસે મારુતિ કોમ્પ્લેક્સમાં સોના-ચાંદીના દાગીનાનો વેપાર કરતા નિલેશભાઈ ધીરજલાલ સોનીએ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદી જણાવ્યા મુજબ તેમની ઓળખાણ ધરાવતા જયદીપસિંહ નરપતસિંહ ગોહિલ અને તેમના ભાઈ દિગ્વિજયસિંહ ગોહિલએ ખાનગી ગોલ્ડ ફાઈનાન્સમાં ગીરવે મુકાયેલા સોનાના દાગીના છોડાવવા માટે મદદ માંગી હતી.

આરોપીઓએ દાગીના વેચાણ કરવાની ખાતરી આપી ફરિયાદી પાસેથી આર.ટી.જી.એસ. તથા બેંક ટ્રાન્ઝેક્શન મારફતે કુલ રૂ.15 લાખ પોતાના ઓળખીતાના ખાતામાં જમા કરાવ્યા હતા.

પછી આરોપીઓએ ફરિયાદીની જાણ બહાર ગીરવે મુકાયેલા સોનાના દાગીના છોડાવી અંકલેશ્વરના સમડી ફળિયા વિસ્તારમાં આવેલા અંબિકા ટચ સેન્ટર ખાતે વેચી નાંખ્યા હોવાનો આક્ષેપ છે.

ત્યારબાદ ફરિયાદીએ પૈસા અથવા દાગીના માંગતાં આરોપીઓ દ્વારા ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપવામાં આવી હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું છે. આ સમગ્ર મામલે અંકલેશ્વર શહેર પોલીસ દ્વારા છેતરપિંડી, વિશ્વાસઘાત અને ધમકી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## ભરૂચની રાધાકૃષ્ણ સોસા.માં ટ્રાન્સફોર્મરમાં આગ લાગી




ભરૂચઃ ભરૂચ શહેરના રાધાકૃષ્ણ સોસાયટી વિસ્તારમાં આવેલી GEBની ડીપી (ડિસ્ટ્રિબ્યુશન પેનલ)માં અચાનક આગ લાગતાં વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ ઘટનાને પગલે આસપાસના વિસ્તારમાં વીજ પુરવઠો ખોરવાઈ જતાં સ્થાનિક રહેવાસીઓમાં ચિંતાની લાગણી ફેલાઈ હતી. ઘટનાની જાણ થતાં જ સ્થાનિકો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા. આ દરમિયાન પૂર્વ નગરપાલિકા ઉપપ્રમુખ અક્ષય પટેલ ઉર્ફે દાજીએ પોતાના નિવાસસ્થાનેથી અગ્નિશામક બોટલ લાવી આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. સ્થાનિકોના સજ્જતાભર્યા પ્રયાસોના કારણે આગ વધુ વિકરાળ સ્વરૂપ ધારણ કરે તે પહેલાં જ પ્રાથમિક સ્તરે તેને કાબૂમાં લઈ લેવામાં આવી હતી. બનાવની જાણ ફાયર બ્રિગેડને કરાતાં ફાયર ટીમ તરત જ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી વધુ નુકસાનને અટકાવ્યું હતું. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ નોંધાઈ નથી. જો કે, આગના કારણે થોડા સમય માટે વીજ પુરવઠો બંધ રહેતાં લોકોને પરેશાનીનો સામનો કરવો પડ્યો હતો.